## સંક્ષિપ્ત સમાચાર

### બીથલીમાં સેવાસેતુ 2.1: સરકારી સેવાઓનો લાભ ઘરઆંગણે મળ્યો



**વડોદરા** : રાજ્ય સરકાર દ્વારા વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતાના અભિગમ સાથે 'નાગરિક સુધી સરકાર'ના ઉમદા આશયથી સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમો સમગ્ર રાજ્યમા યોજાઇ રહ્યા છે. જે અન્વયે રાજ્ય સરકારની યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી મળી રહે તેવા હેતુથી વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના બીથલી ગામે દરિયાપુરા, બરકાલ, મોલેથા, મોટા કરાળા, નાના કરાળા ગામનો સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સવારથી જ તાલુકા કક્ષાના સંબંધિત વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓએ સ્થળ પર હાજર રહીને નાગરિકોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવાની કામગીરી હાથ ધરી હતી.

### કડીપાણીમાં ધારાસભ્ય જયંતિભાઇ રાઠવાની ઉપસ્થિતિમાં સેવાસેતુ યોજાયો



**ક્વાંટ** : કડીપાણી ગામે સેવા સેતુ કાર્યક્રમ ધારાસભ્ય જયંતીભાઈ રાઠવાના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં જનસેવા એ જ જનકલ્યાણનો સંકલ્પ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. 138 જેતપુર પાવી ધારાસભ્ય જ્યંતિભાઈ રાઠવા ની પ્રેરક ઉપસ્થિતિમાં કવાંટ તાલુકાના કડીપાણી ગામે સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરી નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે માર્ગદર્શન તથા જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી. સાથે કવાંટ મામલતદાર નું ધારાસભ્ય શજ્યંતિભાઈ રાઠવા દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ નાગરિકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવી સરકારની સેવાઓને જનજન સુધી પહોંચાડવાના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો.

### જબુગામ ખાતે "સેવા મેરા યોગદાન" અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું




**બોડેલી** : બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન અંગે જાગૃતિ ફેલાવવા તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે હેતુથી ઇન્દુ બ્લડ બેન્કના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન અને પત્રના સંદર્ભમાં જબુગામ આરોગ્ય કેન્દ્રના સુપ્રિટેન્ડન ડોક્ટર રોનક દરજી દ્વારા આયોજિત આ રક્તદાન કેમ્પમાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્વૈચ્છિક રક્તદાતાઓને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરવામાં આવી હતી અને રક્તદાતાઓ પણ અપીલને અનુસંધાને જોડાયા હતા આ બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી યોજાયું હતું રક્તદાન એક મહાન સેવાકાર્ય છે.

### શેરખીમાં બાળકો-કિશોરીઓએ ચિત્રોમાં ઉતાર્યો પોષણનો સંદેશ



**વડોદરા** : મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત પોષણ માહ-૨૦૨૬ અંતર્ગત આજે વડોદરા ઘટક-૧ના શેરખી આંગણવાડી કેન્દ્ર નંબર-૨ ખાતે 'આંગણ ઉત્સવ' તથા 'આંગણ મિલન' સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોષણ માહ-૨૦૨૬ અંતર્ગત બાળકો તથા કિશોરીઓમાં પોષણ અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આ પ્રસંગે ચિત્રકામ અને રંગકામની વિશેષ પ્રવૃત્તિ યોજાઈ હતી. સમગ્ર રાજ્યમાં એકસાથે યોજાયેલી આ પ્રવૃત્તિમાં બે કેટેગરી રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ કેટેગરીમાં 'પોષણ અને પ્રારંભિક ઉત્તેજના' થીમ આધારિત બાળકો માટે ચિત્રકામ અને રંગકામની પ્રવૃત્તિ યોજાઈ હતી, જ્યારે બીજી કેટેગરીમાં કિશોરીઓ માટે 'પોષણ થાળી' થીમ આધારિત ચિત્રકામ પ્રવૃત્તિ યોજાઈ હતી. તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સમગ્ર રાજ્યમાં એકસાથે યોજાયેલી આ ચિત્રકામ-રંગકામની પ્રવૃત્તિ 'વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયા' અંતર્ગત યોજવામાં આવી હતી. આ પહેલના માધ્યમથી બાળકો અને કિશોરીઓમાં પોષણ, સ્વાસ્થ્ય તથા સ્વસ્થ જીવનશૈલી માટે જરૂરી પોષણયુક્ત આહાર અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### શિનોર તાલુકાના બિથલીમાં સેવાસેતુ ૨.૧ ગ્રામ્ય કાર્યક્રમ યોજાયો



**શિનોર** : શિનોર તાલુકાના બિથલી ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ 2.1 ગ્રામ્ય કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં બિથલી તેમજ મોલેથા ગામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઉપસ્થિત ગ્રામજનો તથા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અને સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ મેળવવા માટેની અરજીઓ સ્થળ પર જ સ્વીકારી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આ પ્રસંગે શિનોર મામલતદાર એમ.જે. બારીયા, તાલુકા વિકાસ અધિકારી સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

૧૧ ઓક્ટોબરે અનુસૂચિત આદિજાતિ બેઠકની પેટાચૂંટણી

## છોટાઉદેપુર પાલિકા વોર્ડ-૪માં ત્રિપાંખિયો જંગ, બસપાના ઉમેદવારે ભાજપને સમર્થન આપ્યું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 29

છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-4ની ખાલી પડેલી અનુસૂચિત આદિજાતિ બેઠક માટે 11 ઓક્ટોબર 2026ના રોજ પેટાચૂંટણી યોજાવાની છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાં જ રાજકીય ગતિવિધિઓ તેજ બની હતી. ઉમેદવારીપત્રો ભરવાની અંતિમ તારીખ 26 સપ્ટેમ્બર હતી, જ્યારે ઉમેદવારી પાછી ખેંચવાની અંતિમ તારીખ 29 સપ્ટેમ્બર નક્કી કરવામાં આવી છે.

વોર્ડ નંબર-4ની આ બેઠક માટે ભાજપ તરફથી રજનીબેન જયદીપભાઈ રાઠવાને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. અહેવાલો મુજબ કોંગ્રેસ અને આમ આદમી




પાર્ટીના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી છે. બીજી તરફ, બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારે ભાજપના ઉમેદવાર રજનીબેન રાઠવાના સમર્થનમાં ઉમેદવારી પાછી ખેંચતા ચૂંટણીનું મેદાન ત્રિપાંખિયું બન્યું છે.

આ પેટાચૂંટણીનું મૂળ કારણ અગાઉ વોર્ડ નંબર-4 પરથી ચૂંટાયેલા અને નગરપાલિકાના પ્રમુખ રહેલા મંજુલાબેન કિશનભાઈ કોલીનું જાતિ પ્રમાણપત્ર રદ થવું છે. જિલ્લા કલેક્ટરના આદેશ બાદ તેમનું સભ્યપદ રદ થતાં વોર્ડ નંબર-4ની અનુસૂચિત આદિજાતિ બેઠક ખાલી પડી હતી અને હવે તેના માટે પેટાચૂંટણી યોજાઈ રહી છે.

ચૂંટણીને લઈને ત્રણેય મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા મતદારોનો સંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. એક તરફ ભાજપ પોતાની ઉમેદવારને જીતાડવા માટે સંગઠનાત્મક કવાયત કરી રહ્યું છે, તો બીજી તરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ પ્રચારમાં સક્રિય બન્યા છે. બસપાના ઉમેદવારે ઉમેદવારી પાછી ખેંચી ભાજપને સમર્થન આપતાં ચૂંટણીના રાજકીય સમીકરણોમાં ફેરફાર થયો છે.

વોર્ડ નંબર-4ની બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત હોવાથી આ ચૂંટણી સ્થાનિક રાજકારણની દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ બની છે. હવે 11 ઓક્ટોબરે મતદાન બાદ જ મતદારોનો અંતિમ જનાદેશ સ્પષ્ટ થશે. મતગણતરી 13 ઓક્ટોબરે યોજાવાની છે.

## ગ્રેડ પે સુધારાની માંગ સાથે લેન્ડ રેકોર્ડ કર્મચારીઓ હડતાળ પર

**છોટાઉદેપુરમાં** ૨૧ સપ્ટેમ્બરથી વર્ગ-૩ના કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 29

છોટાઉદેપુર જિલ્લામાં સરકારી કામકાજ પર મોટી અસર પડી છે. જમીન દફતર (લેન્ડ રેકોર્ડ) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓ પોતાની માંગણીઓને લઈને આક્રમક બન્યા છે અને તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬થી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે.

છોટાઉદેપુર જિલ્લા યુનિટના લેન્ડ રેકોર્ડ (જમીન દફતર) વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓએ પડતર પ્રશ્નો અને ખાસ કરીને ગ્રેડ પે સુધારાની માંગણી સાથે આજથી અચોક્કસ મુદતની હડતાલ શરૂ કરી છે. કર્મચારીઓનું સીધું અને સ્પષ્ટ કહેવું છે કે અન્ય સરકારી વિભાગોની સરખામણીમાં તેમના વિભાગમાં ગ્રેડ પે ઓછો આપવામાં આવી રહ્યો છે, જેને લઈને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.હડતાલ પર ઉતરેલા કર્મચારીઓનો મુખ્ય આક્ષેપ છે કે સમાન લાયકાત અને કામગીરી હોવા છતાં બીજા વિભાગોના કર્મચારીઓની તુલનામાં લેન્ડ રેકોર્ડ વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓને અન્યાય થઈ રહ્યો છે. "બીજા વિભાગો કરતાં અમારા વિભાગમાં ગ્રેડ પે ઓછો કેમ?" તેવો સવાલ ઉઠાવીને કર્મચારીઓએ અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરી હતી.

---

19 વર્ષ બાદ બનેલો રોડ ત્રણ મહિનામાં ધોવાયો

## ભાટપુરનો RCC રોડ ત્રણ મહિનામાં જ તૂટ્યો, બાળકો તૂટેલા રોડ પર ગરબે રમ્યા

**ગણપતિ** વિસર્જનનો વીડિયો વાયરલ થતાં બિસ્માર રોડની પોલ ખૂલી

(પ્રતિનિધિ) સંખેડા , તા.29

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના ભાટપુર ગામમાંથી એક વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં ગણપતિ વિસર્જન દરમિયાન નાના ભૂલકાઓ અને છોકરા-છોકરીઓ તૂટેલા અને કપચી ભરેલા રોડ પર ગરબે રમતા જોવા મળે છે. આ વિડીયોએ ભાટપુરના બિસ્માર રોડની પોલ ખોલી નાખી છે.

ભાટપુર ગામમાં પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખના ઘર પાસે જ



"દીવા તળે અંધારું" જેવો ઘાટ સર્જાયો છે. ગામના મુખ્ય બજાર અને બેંક આગળનો મુખ્ય RCC રોડ જે 19 વર્ષ પછી બનાવવામાં આવ્યો હતો, તે માત્ર ત્રણ મહિનામાં જ તૂટી ગયો છે. રોડમાંથી કપચી નીકળીને આખા રસ્તા પર પથરાઈ ગઈ છે.

છેલ્લા 7 મહિનાથી આ કપચીના કારણે સિનિયર સિટીઝન, વિદ્યાર્થીઓ અને નાના બાળકો ત્રાહિમામ પોકારી ગયા છે. વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટ દેખાય છે કે, બાળકોને આ જ કાંટાળી કપચી વાળા રોડ પર ગરબા રમવા મજબૂર થવું પડ્યું છે, જે અત્યંત જોખમી છે. ગ્રામજનોએ આ બાબતે પંચાયતથી લઈ સરપંચ અને PM સુધી વારંવાર રજૂઆતો કરી છે. છોટાઉદેપુર કલેક્ટરને રૂબરૂ વિઝિટ માટે ઈમેલ અને રજિસ્ટર્ડ AD થી મુખ્યમંત્રી સુધી રજૂઆત કરવા છતાં આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી.

છોટાઉદેપુરના પ્રશ્નો અંગે રાઠવા સાંસદોની ગડકરી સાથે મુલાકાત

## છોટાઉદેપુરના માર્ગો-પુલોના વિકાસ માટે ગડકરી સમક્ષ રજૂઆત

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 29

લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા અને રાજ્યસભા સાંસદ મુકેશભાઈ રાઠવા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી સાથે દિલ્હી ખાતે તેઓના નિવાસ સ્થાને મુલાકાત કરી વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી મંત્રીએ હકારાત્મક આશ્વાસન આપ્યું

છોટાઉદેપુર લોકસભા ક્ષેત્રમાં વાહનવ્યવહાર અને માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. દિલ્હી ખાતે રાજ્યસભા સાંસદ મુકેશભાઈ રાઠવા અને લોકસભા સાંસદ જશુભાઈ રાઠવાએ કેન્દ્રીય માર્ગ પરિવહન



અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી સાથે ખાસ મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન છોટાઉદેપુર વિસ્તારના વિવિધ મુખ્ય માર્ગો અને પુલોના નિર્માણ તથા અપગ્રેડેશન અંગે વિગતવાર રજૂઆતો કરવામાં આવી હતી: માર્ગોનું અપગ્રેડેશન: નેશનલ હાઈવે નંબર 56 બોડેલી - જબુગામ તેમજ બોડેલી - તાંદલજા માર્ગના અપગ્રેડેશન માટે રજૂઆત કરવામાં આવી હતી. નવીન પુલોનું નિર્માણ: મેરીયા તથા ઓરસંગ નદી પર નવા પુલોના નિર્માણ અર્થે ચર્ચા કરવામાં આવી હતી.

ફેરકુવાથી જબુગામને જોડતા નવીન 4 માર્ગો પર 7 જેટલા પુલોની ત્વરિત મંજૂરી આપવા માટે વિશેષ માંગણી કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ આ તમામ રજૂઆતોને ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી હતી અને સકારાત્મક ચર્ચા કરી હતી. તેમણે આ તમામ વિકાસલક્ષી રજૂઆતો અંગે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવું હકારાત્મક આશ્વાસન આપ્યું હતું.

---

## પાદરા ફુલબાગનાકા પાસેથી ૧૬ દારૂના પાઉચ સાથે શખ્સ ઝડપાયો

**વડોદરા** ગ્રામ્ય LCBની કાર્યવાહીમાં દિનેશ પટેલ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા. 29

પાદરામાં ફુલબાગનાકા નજીક આવેલી પંજેતન હોટલ પાસેથી વગર પાસ-પરમિટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી હેરાફેરી/વેચાણ કરતા એક ઈસમને વડોદરા ગ્રામ્ય LCB (Local Crime Branch) ની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા ગ્રામ્ય LCB ના અ.પો. કો. ગોવીંદસિંહ પ્રતાપસિંહ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પાદરા, ફુલબાગનાકા, પંજેતન હોટલ પાસે એક શખ્સ ગેરકાયદેસર દારૂ સાથે હોવાની બાતમી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી દિનેશભાઈ મનહરભાઈ પટેલ (ઉ.વ. ૪૨, રહે. બંગાળી ફળીયું, પાદરા ટાઉન, તા. પાદરા, જી. વડોદરા) ને પકડી પાડ્યો હતો. તેની પાસેથી વગર પાસ-પરમિટના ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના ફુટી પાઉચ નંગ-૧૬ (કિંમત ૯૬૦/-) નો પ્રોહિબિશન મુદ્દામાલ મળી આવ્યો હતો.

પોલીસે પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પાદરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## બોડેલી-હાલોલ હાઈવે પર ઝાડી-ઝાંખરાથી યાત્રાળુઓ પરેશાન

(પ્રતિનિધિ) બોડેલી, તા. 29

નવરાત્રિ માતાજીની જ્યોત લેવા આવતા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ખાનદેશના માઈભક્તોને જીવના જોખમે હાઈવે પર ચાલવાની નોબત; ઝાડી-ઝાંખરા દૂર કરવા તંત્ર સક્ષમ લોકમાગ.

શક્તિપીઠ પાવાગઢ ખાતે આગામી નવરાત્રિ મહોત્સવને લઈ માતાજીની જ્યોત લેવા આવતા પગપાળા યાત્રાળુઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ખાનદેશમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો પગપાળા સંઘ સાથે પાવાગઢ આવી રહ્યા છે. જોકે, હાલોલ-બોડેલી હાઈવેની બાજુમાં સાઈડ શોલ્ડર પર ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાંને કારણે યાત્રાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પાવાગઢ શક્તિપીઠ ખાતેથી માતાજીની જ્યોત લઈ પોતાના વતનમાં જઈ નવરાત્રિ મહોત્સવ દરમિયાન માતાજીના ચોકમાં જ્યોત સ્થાપિત કરી ઉજવણી કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ પરંપરાને અનુસરીને કેટલાક માઈભક્તો પોતાના વતનથી પગપાળા સંઘ સાથે પાવાગઢ પહોંચે છે, જ્યારે કેટલાક ભક્તો વાહન મારફતે પાવાગઢ આવી માતાજીની જ્યોત લઈ પગપાળા પોતાના વતન તરફ પ્રયાણ કરે છે.

હાલ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર તરફથી માઈભક્તોના સંઘો આવવાની શરૂઆત થઈ ચૂકી છે. કેટલાક ભક્તો સોમવારે માતાજીની જ્યોત લઈને પરત પણ રવાના થયા હતા. પરંતુ હાલોલ-બોડેલી હાઈવે પર માર્ગની બાજુમાં ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાંએ પગપાળા યાત્રાળુઓની મુશ્કેલી વધારી છે.

## ચોરપુરામાં જુગાર રમતા પાંચ ઝડપાયા, ૧૩,૭૭૦નો મુદ્દામાલ જપ્ત

**સાવલી** પોલીસે બાતમીના આધારે દરોડો પાડી પાંચ જુગારીઓને રંગેહાથ ઝડપી લીધા

(પ્રતિનિધિ) સાવલી, તા. 29

સાવલી તાલુકાના ચોરપુરા ગામે સાવલી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને પાંચ ઈસમોને 13770 ના મુદ્દા માલ સાથે જુગાર રમતા ઝડપીને જેલ ભેગા કર્યા છે અને તમામ વિરુદ્ધ જુગારધારા મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

સાવલી પી આઇ કે જે ચૌહાણને બાતમી મળેલ કે ચોરપુરા ગામે હનુમાનજી ફળિયામાં ખુલ્લી જાહેર જગ્યામાં કેટલાક ઈસમો પાના પત્તા નો જુગાર રમી રહ્યા છે તેના પગલે પોતાની ટીમને ચોરપુરા ગામે રવાના કરી હતી પોલીસ ટીમે હનુમાનજી ફળિયા ની પાછળના ભાગ માં કુંડાળું વળીને રમતા પાંચ જુગારીયાઓને રંગે હાથે ઝડપી પાડ્યા હતા. આ દરોડામાં દાવ ઉપર લાગેલા 7900તેમજ અંગઝડતીમાં 5870 મળી કુલ 13770 નો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે પોલીસના દરોડામાં ઝડપાયેલ જુગારીયાઓ (૧) સુનિલભાઈ છાસટીયા રહે છાસટીયા ફળિયુ વાંકાનેર તા સાવલી (૨) મગનભાઈ ઠાકોર રહે હનુમાનજી ફળિયું ચોરપુરા તા સાવલી (૩)હુસેનભાઈ રાઉલ રહે રણાવાસ વાંકાનેર તા સાવલી (૪) મહેન્દ્રસિંહ છાસટીયા રહે છાસટીયા ફળિયુ વાંકાનેર તા સાવલી (૫) ભરતકુમાર જયંતીલાલ રાણા રહે સિહોરા ભાગોળ સાવલી નગર ને ઝડપીને જેલ ભેગા કર્યા છે.

---

અકસ્માત બાદ ગામડીમાં ચક્કાજામ, ચેકપોસ્ટ ખસેડવા માંગ

## ગામડીમાં હિટ એન્ડ રન: એકનું મોત, ખાણ-ખનીજ ચેકપોસ્ટ હટાવવાની માંગ

(પ્રતિનિધિ) સંખેડા, તા.29

સંખેડા તાલુકાના ગામડી ચોકડી પાસે આવેલી ખાણ ખનીજ ચેકપોસ્ટ સામે ગણપતિ વિસર્જનના દિવસે સાંજે ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, બહાદરપુર - સંખેડા તરફથી આવી રહેલા રેતી ભરેલું કન્ટેનરે ડભોઈ તરફથી આવી રહેલી બે બાઈક પર સવાર પાંચ વ્યક્તિઓને અડફેટે લીધા હતા. અકસ્માત સર્જી ડ્રાઈવર ભાગવાનો પ્રયાસ કરતો હતો ત્યારે ગામના લોકોએ તેને ઝડપી પાડી મેથીપાક ચખાડ્યો હતો. ગામના લોકોએ ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 દ્વારા હોસ્પિટલ



ખસેડવામાં આવ્યા હતા.

ઘટના બાદ ગામના સરપંચ સહિત આગેવાનો ખાણ ખનીજ ચેકપોસ્ટ પર ફરિયાદ કરવા ગયા હતા, પરંતુ ત્યાં કોઈ અધિકારી હાજર મળ્યો ન હતો. મોડી રાત્રે ગામડી ગામના એક ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત થયું હોવાનું ડોક્ટરે જાહેર કરતા ગામમાં ભારે રોષ ફેલાયો હતો. આખું ગામ સરપંચ સાથે રસ્તા પર ઉતરી આવ્યું હતું અને ચક્કાજામ કર્યો હતો. બાદમાં પોલીસ તંત્ર અને નાયબ મામલતદાર દ્વારા સમજાવટ કરતા રસ્તો ખુલ્લો મુકાયો હતો.

ત્રણ-ચાર દિવસ વીત્યા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા આજે ગામના સરપંચ અને નાગરિકોએ સંખેડા સેવા સદન ખાતે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

## પાદરામાં બિયરના ટીન સાથે મહિલા વેપારી ઝડપાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 29

પાદરાના શામળકુવા વિસ્તારમાં આવેલી પ્રોવિઝન સ્ટોરમાં બિયરના ટીન રાખી ગેરકાયદેસર વેચાણ કરતી મહિલા વેપારીને પાદરા પોલીસે દરોડો પાડી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર, ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પાદરા ટાઉનના શામળકુવા વિસ્તારમાં આવેલી 'ખોડીયાર પ્રોવિઝન સ્ટોર' નામની દુકાનમાં વિદેશી દારૂ/બિયરનો જથ્થો હોવાની બાતમી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન દુકાનમાં તપાસ કરતા કાપડની થેલીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના 'કિંગફિશર એક્સટ્રા સ્ટ્રોંગ પ્રિમિયમ બિયર' (૫૦૦ એમ.એલ.) ના "For Sale in Madhya Pradesh Only" ના માર્કાવાળા બિયરના ૦૮ ટીન (કિંમત ૨,૬૦૮/-) મળી આવ્યા હતા.

## રાણીયામાં મંદિરના શેડ મુદ્દે વિવાદ, TDOને રજૂઆત

**સરપંચના** પત્ની દ્વારા અસભ્ય વર્તન કર્યાના આક્ષેપ

(પ્રતિનિધિ) સાવલી, તા. 29

સાવલી તાલુકાના ભાદરવા પંથકમાં આવેલ રાણીયા ગામે મંદિરના શેડ બનાવવા મુદ્દે સરપંચ પત્ની દ્વારા અસભ્ય વર્તન ના આક્ષેપ સાથે સરપંચ વિરુદ્ધ ગામના યુવક મંડળે આવેદન પત્ર ટી ડી ઓ ને પાઠવીને તપાસની માંગ કરી છે .

સાવલીના રાણીયા ગામે ખત્રી મહારાજ મંદિર પર શેડની કામગીરીને લઈ વિવાદ સર્જાયો છે આ મંદિર માટે પતરાનો શેડ જિલ્લા પંચાયત દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે જેની કામગીરીમાં જૂનો વડ ની ડાળખી ઓ4 નડતરરૂપ હોવાનો યુવક મંડળ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે અને વડની નડતરરૂપ ડાળો કાપવા માટે તલાટી કમ મંત્રી દ્વારા જણાવાયું હોવાનું જાણવા મળી રહ્યુ છે પરંતુ ગ્રામજનો દ્વારા જાણવા મળ્યા મુજબ સરપંચ દ્વારા શેડની કામગીરી અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને પંચાયત માં આ મુદ્દે રજૂઆત કરવા જતા સરપંચના પત્ની દ્વારા યુવકો સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે આ બાબતે યુવક મંડળે તાલુકા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે અને સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા TDO સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે અને આ મામલે યોગ્ય કાર્યવાહી કરવા ની માંગ કરવામાં આવી છે.